| | |
|---|---|
| **PERIODIC ASSIGNMENT -1 2021-22** | |
| ધોરણ- 8 | વિષય – ગુજરાતી |
| **Syllabus – CH-1,2,3, 4 FROM TEXTBOOK** | |
| | |

# [READING SECTION]વાંચનકાર્ય

## પ્ર-1 નીચેનો ફકરો વાંચી તેનાં પ્રશ્નોનાં જવાબ લખો.

1) ગુજરાતની પૂર્વ બાજુએ શરૂ થાય છે મધ્યપ્રદેશ. ત્યાં મૈકલ નામનો પર્વત છે. તેની તળેટીમાં એક વિશાળ સરોવર છે અમરકંટક. ત્યાંથી નીકળે છે આપણી નર્મદામૈયા. આકાશમાં ઊંચે ને ઊંચે જઇએ તો ભારતદેશના બે આડા ભાગ પાડતી એક ચળકતી ને સરકતી રેખા દેખાય એ જ નર્મદા. ઉપરનો ભાગ ઉત્તર ભારત અને નીચેનો ભાગ દક્ષીણ ભારત. વળી કેટલાય કિલોમીટર સુધી તો નર્મદાની બંને બાજુ બે ઊંચા પર્વતો છે.

પ્રશ્નો 1) ઉપરના ફકરામાં કઇ નદીની વાત કરવામાં આવી છે?

2) નર્મદા નદી ક્યા પર્વતમાંથી નીકળે છે?

3) પર્વતની નીચે ક્યુ સરોવર આવેલું છે?

4) ગુજરાતની પુર્વ બાજુએ ક્યો પ્રદેશ આવેલો છે?

5) નર્મદા નદીની બંને બાજુએ શું આવેલું છે?

2 ) કશ્મીરનું સૌંદર્ય એક વાર જોયુ તો ભુલાય એવું નથી. એવી રીતે ન ભુલાય એવી કશ્મીરની બીજી વસ્તુ તે ત્યાંની કડકડતી ઠંડી. એક વાર એ ઠંડી અનુભવી તો જિંદગીમાં કદી ભુલાય નહિ. ઠંડીનું જોર વધે કે ત્યાંના લોકો પટ્ટુનાં લાંબા લાંબા ડગલા પહેરે છે. બાંય તો એવી રાખેને કે તે આંગળાને ઢાંકીને પણ છેક નીચે લબડતી રહે. હાથ બહાર રાખ્યો કે ઠંડીમાં ખોટો થયો સમજવો. આથી ત્યાંના લોકો ઠંડીમા હાથ બહાર કાઢતા જ નથી. કંઇ ખાવાનું વેચાતું લે તો તે બાયના છેડા પર જ લે, અને એને બાય વડે જ પકડે. કશ્મીરનાં લોકોને આ ઠંડીની કંઇક ટેવ પણ ખરી, પણ

બહારના મુસાફરોને તો એ ઠંડી વીંછીની જેમ ડંખ મારે. આથી મુસાફરો નેતરની ટોપલીમાં ગરમ સગડી મૂકે છે અને ગળે બાંધીને ફરે છે.

પ્રશ્નો 1 ) કશ્મીરની કઇ વસ્તુઓ યાદ રહી જાય એવી છે ?

2) કશ્મીરના લોકો ઠંડીથી બચવા શું કરે છે?

3) છોકરાઓ બાયમાથી હાથ કેમ કાઢતા નથી ?

4) મુસાફરો ઠંડીથી બચવા શુ કરે છે?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

# [WRITING SECTION]લેખનકાર્ય

## પ્ર-2 નીચેના વિશે નિબંધ લખો.( કોઈ પણ એક)

### 1 ) ‘ વિવિધતામાં એકતા ’

ભારત એ પહેલાના સમયથી જ સંસ્કૃતિમાં વિવિધતા ધરાવતો દેશ છે. આપણી સંસ્કૃતિ એ દુનિયામાં સૌથી પ્રાચીન સંસ્કૃતિ ગણાય છે. વિવિધ પ્રકારના લોકો, પહેરવેશ, બોલી, ભાષા, રહેનસહેન વગેરેની દ્રષ્ટીએ વિવિધતા ધરાવતો આપણો દેશ એ દુનિયામાં સૌથી વધારે વૈવિધ્ય ધરાવતો દેશ છે.

હજારો વર્ષો પહેલા વિવિધ પ્રજાઓ ભારતમાં આવીને સ્થાયી થઈ. આર્યોથી શરૂ કરી તૂર્ક, મુઘલો, પારસીઓ, ડચ, પોર્ટુગીઝો, ફ્રેંચો અને છેલ્લે અંગ્રેજ લોકો ભારતમાં આવ્યા અને વિવિધ જાતિ-પ્રજાતિ પણ સાથે લાવ્યાં. આ લોકો એમની સાથે એમની સ્થાનીય સંસ્કૃતિ, ધર્મ, આચરણ, સ્થાપત્ય, બોલી, પહેરવેશ, રિતરિવાજો પણ લઈને આવ્યા. આ બધાના મિશ્રણથી એક ભાતીગળ ભારતીય સંસ્કૃતિનું નિર્માણ થયું

આપણા દેશનું લોકજીવન "વિવિધતામાં એકતા" સૂત્રને સાર્થક કરતું દેખાય છે. આઝાદી પછી પણ ભારતે આ વિવિધતા જાળવી રાખી અને એક બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર તરીકે દેશના દરેક ધર્મના લોકોને સમાન અધિકાર આપવામાં આવ્યાં. આપણા દેશમાં હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ,

પારસી, જૈન, બૌદ્ધ વગેરે જેવા જુદા-જુદા ધર્મમાં માનનારા લોકો રહે છે. જેમાં મુખ્ય વસ્તી હિંદુ ધર્મની છે. એ જુદા-જુદા ધર્મોની સાથે એમાં સંપ્રદાયો પણ અલગ અલગ હોય છે.

આપણી આ વિવિધતા એ આપણા પડોશથી ચાલું કરીને, ગામમાં, શહેરમાં, જિલ્લામાં, રાજ્યમાં અને આખા દેશમાં જોવા મળે છે. આટલી બધી વિવિધતા હોવા છતાં પણ ભારતમાં એકતા અને અખંડિતતા જોવા મળે છે અને ભારતમાં કેવું વૈવિધ્ય છે તેનો પરિચય થાય છે. ભારત **126** કરોડથી પણ વધુ વસ્તી ધરાવતો દેશ છે પણ આપણામાં આટલી બધી વિવિધતા હોવા છતાયે એકતા છે એ કોઈ સામાન્ય વાત નથી.

જે આપણી વિવિધતામાં એકતાના દર્શન કરાવે છે.

## 2) ‘ રવિશંકર મહારાજા’

રવિશંકર વ્યાસનો જન્મ ૨૫ ફેબ્રુઆરી ૧૮૮૪ રોજ ખેડા જિલ્લાનાં રઢુ ગામમાં બ્રાહ્મણ કુટુંબમાં પિતાંબર શિવરામ વ્યાસ અને નાથીબાને ત્યાં થયો હતો. તેમના કુટુંબનું વતન મહેમદાવાદ નજીકના સરસવણી હતું. છઠ્ઠા ધોરણનું શિક્ષણ મેળવ્યા પછી તેમણે તેમના પિતાને ખેતીમાં મદદ કરવા માટે અભ્યાસ અધૂરો મૂક્યો હતો. તેમના લગ્ન સુરજબા સાથે થયા હતા. તેઓ જ્યારે ૧૯ વર્ષના હતા ત્યારે તેમના પિતા અને ૨૨ વર્ષના થયા ત્યારે તેમની માતાનું અવસાન થયું હતું. તેઓએ આજીવન સમાજસેવામાં પોતાનું જીવન સમર્પિત કરી દીધું. સતત ચાલતા રહેલા સાચા સંત, મુઠ્ઠી ઊંચેરો માનવી, કરોડપતિ ભિખારી, ગુજરાતના બીજા ગાંધી, મૂક સેવક વગેરે ઉપનામોથી તેમને નવાજવામાં આવ્યા છે.

નાની ઉંમરથી જ ગાંધીજીના પ્રભાવમાં આવી તેઓ દેશ અને સમાજ સેવામાં જોડાયા. વિનોબા ભાવેની ભુદાન અને સર્વોદય યોજનાઓમાં પાયાનું કામ કર્યું અને એ ઉપરાંત પાટણવાડીયા, બારૈયા કોમો અને બહારવટીયાઓને સુધારવાનું કામ જાનના જોખમે કર્યું હતું.

૧૯૨૦માં પગરખાં ચોરાયા ત્યારથી પગરખાંનો ત્યાગ કર્યો હતો. તે જ વર્ષે સુણાવમાં રાષ્ટ્રીય શાળાની સ્થાપના કરી, આચાર્યથી માંડી પટાવાળા સુધીની ફરજ બજાવતા. તે પછીના વર્ષે મકાન અને જમીન વેચીને રાષ્ટ્રસેવામાં આપવા પત્ની સંમત ન થતાં મિલકત પરના બધા હક છોડી જીવન દેશને સમર્પિત કરી દીધું. ૧૯૨૩માં બોરસદ સત્યાગ્રહ, હૈડીયા વેરા નહીં ભરવાની ગામે ગામ ઝુંબેશ શરૂ કરી. ભારત છોડો ચળવળમાં ભાગ અને અમદાવાદમાં કોમી

હુલ્લડોમાં રચનાત્મક ભાગ ભજવ્યો હતો. જેલવાસ દરમ્યાન જેલમાં ગામઠી ગીતા સમજાવતા, આઝાદી મળ્યા બાદ સમાજ સુધારણાના કામોમાં કાર્યરત થઈ ગયા. ૧૯૫૫થી ૧૯૫૮ ના ત્રણ વર્ષ દરમ્યાન ૭૧ વર્ષની ઉંમરે ભૂદાન માટે ૬,૦૦૦ કિલોમીટર ચાલ્યા હતા. આખી જિંદગી જમવામાં માત્ર એક જ ટંક ભોજન લેતા અને તે પણ માત્ર લુખ્ખી ખીચડી. પોતાને માટે રૂપીયો પણ ન વાપરનાર આ વ્યક્તિએ કરોડો રૂપીયા અને કિંમતી જમીનોના દાન મેળવ્યા હતા અને તે કારણે જ 'કરોડપતિ ભિખારી' જેવું ઉપનામ પણ તેમને મળ્યું.

૧ જુલાઇ ૧૯૮૪ના દિવસે ૧૦૦ વર્ષની ઉંમરે બોરસદ ખાતે તેમનું અવસાન થયું.

## [GRAMMAR SECTION] વ્યાકરણ

### પ્ર-3 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | દિવસ | = | દિન | 2 ) | સ્ટૉલ | = | દુકાન |
| 3 ) | મહિલા | = | સ્ત્રી | 4 ) | મજા | = | આનંદ |
| 5 ) | નિર્ધન | = | ધની | 6 ) | ઉચ્ચ | = | ઉપર |
| 7) | સમાન | = | અસમાન | | | | |

### પ્ર- 4 નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | જ્ઞાની | x | અજ્ઞાની | 2) | નીરોગી | x | રોગી |
| 3) | તવંગર | x | ગરીબ | 4) | ઉચ્ચ | x | નીચ |
| 5) | સમાન | x | અસમાન | 6) | સાક્ષર | x | નિરક્ષર |
| 7) | દિવસ | x | રાત | 8) | મહિલા | x | પુરુષ |
| 9) | મજા | x | શોક | 10) | ઉપયોગ | x | બિનઉપયોગ |
| 11) | નાંખવું | x | બહાર કાઢવું | 12) | જાણ | x | અજાણ |
| 13) | નીરસ | x | રસિક | 14) | ધ્યાન | x | બેધ્યાન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 15) | સંતોષ | x | અસંતોષ | 16) | જવાબ | x | સવાલ |
| 17) | નુકશાન | x | ફાયદો | 18) | પરદેશ | x | સ્વદેશ |

## પ્ર-5 નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

1) નદીકિનારા પાસેની બખોલો - કોતર

2) પાણી આવવા – જવા માટે બાંધેલો સાંકડો માર્ગ - ગરનાળું

3) ઘરની બાજુની દિવાલ - કરો

4) કોઈ ખાસ પ્રસંગે પોતાની મેળે સેવા આપનાર - મુકસેવક

5) જીવનનુ મુખ્ય કર્તવ્ય - જીવનધર્મ

# [LITERATURE SECTION]સાહિત્ય

## પ્ર-6 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) મહારાજ કામ કરવાની કઈ ખૂબી ધરાવતા હતા ?

જ) મહારાજ જે કામ હાથમાં લેતા તેમા પોતાનો પુરો આત્મા રેડી દેતા આવી કામ કરવાની ખૂબી ધરાવતા હતા.

2) જોગણ ગામમા મહારાજે શું જોયું?

જ) જોગણ ગામમા મહારાજે ગરીબાઈ અને ગંદકી જોઈ.

3) મહારાજ ' મુકસેવક ' તરીકે શા માટે જાણીતા છે?

જ) મહારાજ મુકસેવક તરીકે કામ કરતા અને લોકોની સેવા કરતા માટે તેઓ મહારાજ ' મુકસેવક ' તરીકે જાણીતા થયા.

4) શિલ્પી શુ કરી રહ્યો હતો?

જ) શિલ્પી પથ્થરમાંથી મૂર્તિઓ કરી રહ્યો હતો.

5) બાજુમાં પડેલી મૂર્તિને શું નુકસાન થયું હતું?

જ) બાજુમાં પડેલી મૂર્તિને એક નાનો ઘસરકો પડેલો હતો.

6 ) યુવકે દુકાનદારને શાની ના પાડી?

જ) યુવકે દુકાનદારને તેને ત્યા કામ કરવાની ના પાડી.

7) કવિ વંદન સ્વીકારવાનુ કોને કહે છે?

જ) કવિ વંદન સ્વીકારવાનું ભારત માતાને કહે છે.

8) હિંદમાતા સંતાનોનુ પોષણ કેવી રીતે કરે છે?

જ) હિંદમાતા સંતાનોનુ પોષણ સારું ખાવાનું – પીવાનું આપીને કરે છે.

9) આ કાવ્યમાં કયો ભાવ રજૂ થયો છે?

જ) આ કાવ્યમાં તમામ દેશવાસીઓએ પરસ્પર પ્રેમ અને ભાઈચારાથી સાથે રહેવુ જોઈએ એવો ભાવ રજૂ થયો છે.

10) ચિત્રમાં કોણ – કોણ નજરે પડે છે?

જ) ચિત્રમાં મુસાફરો , ચા વાળો , ફેરિયો , બે કુલી , રેંકડીવાળો , પુસ્તક વેચનાર , ગ્રાહક તેમજ ટિકિટ ચેકર નજરે પડે છે.

11) ચિત્રમાં કયાં – કયાં સ્ટૉલ નજરે પડે છે?

જ) ચિત્રમાં પ્રભાત બુક સ્ટૉલ , અને ટી સ્ટૉલ નજરે પડે છે.

12) ઘડિયાળમાં કેટલાં વાગ્યા છે?

જ) ઘડિયાળમાં ૪: ૪૦ વાગ્યા છે.

13) ચિત્રમાં કયાં – ક્યાં ફેરિયાઓ નજરે પડે છે?

જ) ચિત્રમાં ફળ વેચનારો એક ફેરિયો નજરે પડે છે.